દીનાનાથ તમે મારી રક્ષા કરો, મમ મસ્તક પર તવ હસ્ત ધરો, હરિ હૈયા તણો સહુ મેલ હરો, સદ્‌વિચાર અને સદ્‌ભાવ ભરો

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૭૧ | ૩૧ ઓગસ્ટ, ૨૦૨૦, સોમવાર; ભાદરવા સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

નવા કેસ

રાજ્ય	૧૨૭૨
અમદાવાદ	૧૬૯
ગાંધીનગર	૩૧

સ્વદેશી રમકડાનો આગ્રહ રાખીએ : મોદી

મન કી બાતમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રજાજનોને અપીલ : ભારતીય કૃષિ ભંડોળ તૈયાર કરવામાં આવી રહ્યો છે, દરેક જિલ્લામાં કયા પાક છે, તેમનું પોષણ મૂલ્ય કેટલું છે, તે અંગે વિગતવાર જણાવાશે : મોદી

નવી દિલ્હી, તા.૩૦

મન કી બાત'ની ૬૮મી આવૃત્તિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોષણની જરૂરિયાત પર વિગતવાર વાત કરી હતી. તેમણે કહ્યું કે સપ્ટેમ્બરને દેશભરમાં 'ન્યૂટ્રિશન મહિનો' તરીકે ઉજવવામાં આવશે. તેમણે દેશવાસીઓને સ્વદેશી એપ્લિકેશન્સ વિશે વાત કરવતા અપીલ કરી કે તેઓ પણ "આગળ આવે, કંઈક ઈનોવેટિવ આઈડિયા સાથે કંઈક નવું લાવે અને અમલમાં મૂકે. તમારા પ્રયત્નો, આજના નાના સ્ટાર્ટ અપ્સ, આવતીકાલે મોટી કંપનીઓમાં ફેરવાશે અને વિશ્વમાં ભારતની ઓળખ બનશે. ' તેમણે દેશી રમકડાં માટે 'વોકલ' રહેવાની અપીલ પણ કરી. વડા પ્રધાન મોદીએ ગાંધીનગરની ચિલ્ડ્રન યુનિવર્સિટીના અનુભવો શેર કર્યા. તેમણે સમજાવ્યું હતું કે "અમે ભારતના બાળકોને નવા રમકડા કેવી રીતે મળે તેના પર મંથન કર્યું. ભારત રમકડાની બનાવટનું એક મોટું કેન્દ્ર કેવી રીતે બને તે અંગે ગહન ચર્ચા-વિચારણા પણ કરી." વડા પ્રધાને કહ્યું કે 'તમે વિચારો કે જે દેશ પાસે પોતાનો વારસો, પરંપરા, વિવિધતા, યુવા વસ્તીવાળો દેશ હોય ત્યારે શું દુનિયાની રમકડાં બજારમાં તેનો ભાગ આટલો ઓછો હોય તે ચાલે ? શું તમને આ સાંભળવું ગમશે? ના, આ સાંભળ્યા પછી તમને તે

પણ ગમશે નહીં. ' તેમણે કહ્યું, "હવે દરેક વ્યક્તિએ સ્થાનિક રમકડાં માટે વોકલ બનવાનો સમય આવી ગયો છે. ચાલો આપણે આપણા બાળકો માટે કેટલાક નવા પ્રકારનાં સારા રમકડાં બનાવીએ. પીએમ મોદીએ મન કી બાતમાં એપ ઇનોવેશન ચેલેન્જ વિશે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે 'ઘણી તપાસ બાદ લગભગ બે ડઝન એપ્સને વિવિધ કેટેગરીમાં એવોર્ડ પણ અપાયા છે. એક એપ્લિકેશન છે, કુટુકી કિડ્સ લર્નિંગ એપ. નાના બાળકો માટે આ એક ઈન્ટરેક્ટિવ એપ છે, જેમાં બાળકો વાર્તાઓ અને ગીતો દ્વારા ગણિત અને વિજ્ઞાન વિષયનું ઘણું શીખી શકે છે. તેમાં એક્ટિવિટી પણ છે અને રમતગમત પણ છે. માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ માટે પણ એક એપ્લિકેશન છે. તેનું નામ કૂ છે. જેમાં આપણે ટેક્સ્ટ, વિડિઓ અને ઓડિઓ દ્વારા આપણી મૂળ ભાષામાં વાતચીત કરી શકીએ છીએ. એકબીજા સાથે ઈન્ટરેક્ટ કરી શકીએ છીએ. છજા સરકાર નામથી એક એપ્લિકેશન છે. જેમાં ચેટ બોટ્સ દ્વારા તમે

● અનુસંધાન પાના - ૭ પર

શ્રીનગરના પંથા ચોકમાં ભીષણ અથડામણમાં ત્રણ આતંકી ઠાર

શ્રીનગર,તા.૩૦

જમ્મુ કાશ્મીરમાં સૈન્ય દ્વારા હાથ ધરાયેલા ઓપરેશનમાં હિઝબુલ મુજાહિદ્દીનના ત્રણ આતંકીઓ ઠાર મરાયા હતા. આ દરમિયાન એક જવાન પણ શહીદ થઇ ગયો હતો. સૈન્યને આતંકીઓ છુપાયા હોવાની જાણકારી મળી હતી જેના આધારે આ સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. જે દરમિયાન આતંકીઓએ સૌથી પહેલા સૈન્ય પર ગોળીબાર કરી દીધો હતો. જોકે સૈન્યની જવાબી કાર્યવાહીમાં હિઝબુલના ત્રણેય આતંકીઓ ઠાર મરાયા હતા.

માર્યા ગયેલા આતંકીઓના નામ આદિલ હાફિઝ, અર્શીદ અહેમદ ડાર, રૌફ અહેમદ મિર છે. આ ત્રણેય આતંકીઓ પુલવામાના રહેવાસીઓ છે અને હિઝબુલ મુજાહિદ્દીન સંગઠન સાથે સંકળાયેલા હતા. આ એક્રાઉન્ટરમાં એક સૈન્ય જવાન પણ શહીદ થયો છે.

માર્યા ગયેલા આતંકીઓ અંગેની જાણકારી મેળવવામાં આવી હતી, સૈન્યના જણાવ્યા અનુસાર આ આતંકીઓ ઘણા સમયથી આતંકી હુમલામાં સામેલ હતા. જેમાં સુરક્ષા જવાનો અને સૈન્ય કેમ્પ પર થયેલા હુમલાનો પણ સમાવેશ થાય છે. માર્યા ગયેલા આતંકીઓ પૈકી એક હાફિઝ અહીંની એક નાકા પાર્ટી પર હુમલામાં સામેલ હતો જેમાં એક પોલીસ જવાન શહીદ થયો હતો અને એક ઘવાયો હતો.

સૈન્ય દ્વારા હાલ બારામુલ્લા, પુલવામા જેવા સંવેદનશીલ વિસ્તારોમાં મોટા પ્રમાણમાં તપાસ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ સ્થિતિ વચ્ચે સૈન્યને મળેલી જાણકારીના આધારે અહીંના અવંતીપોરા વિસ્તારમાં જૈશ-એ-મોહમ્મદના આતંકીઓના એક સૃથળની જાણકારી મળી હતી, આતંકીઓ આ સૃથળેથી ભાગી ગયા હતા.

ભારતે ચીનને જડબાતોડ જવાબ આપ્યો

નવી દિલ્હી, તા. ૩૦

૧૫ જૂને પૂર્વી લદ્દાખની ગાલવાન ખીણની અથડામણમાં ચીની સૈનિકો સાથેની હિંસક અથડામણ બાદ ભારતીય નૌસેનાએ એક મોટું પગલું ભર્યું છે અને દક્ષિણ ચીન સમુદ્રમાં યુદ્ધ જહાજ તહેનાત કર્યું છે. જોકે, ચીને બંને દેશો વચ્ચેની વાટાઘાટોના પગલા પર વાંધો ઉઠાવ્યો હતો. આ ક્ષેત્રમાં ભારતીય નૌકાદળના જહાજોની હાજરી અંગે ચીને સતત વાંધો ઉઠાવ્યો છે.

૨૦૦૯ થી ચીન આ ક્ષેત્રમાં લશ્કરી અને કૃત્રિમ ટાપુઓનો ઉપયોગ કરીને નોંધપાત્ર રીતે વિસ્તૃત થયો છે. સરકારના સૂત્રોએ ન્યૂઝ એજન્સી એએનઆઈને જણાવ્યું હતું કે ગાલવાન ખીણમાં હિંસક અથડામણમાં ૨૦ ભારતીય સૈનિકો માર્યા ગયા હતા, ત્યારબાદ ભારતે દક્ષિણ ચીન સમુદ્રમાં યુદ્ધ જહાજ ગોઠવ્યું છે.

પીપલ્સ લિબરેશન આર્મીની નૌકાદળ દ્વારા અન્ય કોઈપણ દળની હાજરી સામે વાંધો ઉઠાવતા તે વિસ્તારમાં યુદ્ધ જહાજને તૈનાત કરવામાં આવ્યું છે. ચીની નૌસેનાએ દાવો કર્યો છે કે મોટાભાગના દક્ષિણ ચીની સમુદ્ર તેના ક્ષેત્રને આવરી લે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, દક્ષિણ ચીન સમુદ્રમાં ભારતીય નૌકાદળના યુદ્ધ જહાજને તાત્કાલિક તૈનાત કરવાથી ચીની નૌકાદળમાં અશાંતિનું વાતાવરણ સર્જાયું હતું. જેમ જેમ તેમણે ભારતીય પક્ષ સાથે રાજદ્વારી કક્ષાની વાટાઘાટોમાં ભારતીય યુદ્ધ જહાજની હાજરી અંગે ફરિયાદ કરી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે યુએસ નેવીએ તેના ડિસ્ટ્રોર્સ અને ફ્રિગેટ્સ પણ દક્ષિણ ચીન સમુદ્રમાં ગોઠવી હતી.

કોરોના અપડેટ્સ

ક્યાં	કેસ	મૃત્યુ	રિકવર
વિશ્વ	૨૫૨૨૯૮૩૩	૮૪૭૭૦૬	૧૭૫૭૮૦૪૮
ભારત	૩૫૮૩૮૦૭	૬૪૦૬૨	૨૭૪૭૪૦૬
ગુજરાત	૯૫૧૫૫	૩૦૦૮	૭૬૮૫૭
ગાંધીનગર	૨૪૩૬	૧૩૭	૧૯૮૯

દેશમાં કોરોના બેકાબૂ : વધુ ૭૯ હજાર કેસ

ન્યુ દિલ્હી,તા.૩૦

ભારતમાં કોરોના વાયરસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના સૌથી વધુ ૭૮,૭૬૧ નવા કેસ સામે આવ્યા છે. ત્યાંજ દેશમાં કોરોનાનો મૃત્યુઆંક ૬૩,૪૯૮ સુધી પહોંચી ગયો છે.

દેશમાં કોરોનાના ૭૭,૨૬૬ નવા કેસ નોંધાયા હતા. જ્યારે શનિવારે ૭૬,૪૭૨ કેસ નોંધાયા હતા. જો કે ભારતમાં રિકવરી રેટ અને પોઝિટિવિટી રેટ સારો છે અને મૃત્યુંદર ઓછો છે.

છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાને કારણે ૯૪૮ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. અત્યાર સુધી ૨૭,૧૩,૯૩૩ દર્દી સાજા થઈ ગયા છે અને ૬૩,૪૯૮ લોકોના મોત થઈ ગયા છે. ૨૯ ઓગસ્ટના રોજ ૧૦,૫૫,૦૨૭ કોરોના સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

દેશમાં છેલ્લા ૭ દિવસમાં ૪,૯૬,૦૭૦ કેસ નોંધાયા છે. આ રીતે છેલ્લા ૭ દિવસમાં સરેરાશ ૭૦,૮૬૭ કેસ નોંધાયા છે. સાત દિવસના સમયગાળા દરમિયાન વિશ્વમાં સૌથી વધુ આ સંખ્યા નોંધાઈ છે, જે જુલાઈના અંતમાં યુ.એસ.ના સૌથી ખરાબ સ્પાઈક્સ કરતાં વધારે છે. કોઈપણ એક રાજ્યની વાત કરીએ તો મહારાષ્ટ્રમાં શનિવારે સૌથી વધુ ૧૬,૮૬૭ કેસ છે. જે ૨૬ ઓગસ્ટના રોજ નોંધાયેલા રાજ્યના અગાઉના ૧૪,૮૮૮ કરતા વધારે છે.

ભારતમાં કોરોના ટેસ્ટિંગમાં ખુબ વધારો કરવામાં આવ્યો છે. ઉઝૅની સલાહ મુજબ અનેક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં દરરોજ ૧૦ લાખની વસ્તી પર ૧૪૦થી વધુ કોરોના ટેસ્ટ કરવામાં આવી રહ્યાં છે. એવા કેટલાય રાજ્યો છે જેમાં કોરોનાનો પોઝિટિવિટી રેટ તો રાષ્ટ્રીય સરેરાશ કરતા પણ ઓછો છે.

આંધ્રપ્રદેશ (૧૦,૫૪૮, સતત ચોથા દિવસે ૧૦ હજારથી વધુ), કર્ણાટક (૮,૩૨૪, છેલ્લા પાંચ દિવસમાં ૮ હજારથી વધુ), તમિલનાડુ (૬,૩૫૨) અને ઉત્તર પ્રદેશ (૫,૬૮૪) માં સૌથી વધુ કેસ નોંધાયા છે. તમિલનાડુમાં, ૨૯ જુલાઈ પછી પહેલીવાર, સકારાત્મક કેસો ૬,૦૦૦ને વટાવી ગયા. તાજેતરના સમયમાં, વધતા જતા કેસો સાથે, સક્રિય કેસના પૂલમાં તેજી જોવા મળી છે. છેલ્લા ચાર દિવસમાં લગભગ ૪૯,૦૦૦ સક્રિય કેસ નોંધાયા છે, જે કુલ ૭,૬૬,૨૨૬ છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યાં મુજબ દેશમાં અત્યાર સુધીમાં ૪,૧૪,૬૧,૬૩૬ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. ગઈ કાલે એક જ દિવસમાં ૧૦,૫૫,૦૨૭ નમૂનાનું પરીક્ષણ કરાયું હતું. જેમાંથી ૭૮ હજારથી વધુ કેસ કોરોના પોઝિટિવ આવ્યાં છે. આ બધા વચ્ચે કેન્દ્ર સરકારે શનિવારે અનલોક ૪-૦ની ગાઈડલાઈન પણ જાહેર કરી દીધી છે. જે મુજબ અનલોક-૪માં મેટ્રો સેવા શરૂ કરવાની મંજૂરી આપી છે. ૭ સપ્ટેમ્બરથી સમાન્ય લોકો મેટ્રોમાં સવારી કરી શકશે. અનલોક-૪ને ૧ સપ્ટેમ્બરથી લાગુ કરવામાં આવશે. અનલોક-૪માં શૈક્ષણિક સંસ્થા બંધ રહશે.

છેલ્લે... છેલ્લે...

- પ્રધાનમંત્રીએ મન કી બાતમાં કેવડિયાનો અને ચિલ્ડ્રન યુનિવર્સિટીનો ઉલ્લેખ કર્યો
- બીગબજારને રિલાયન્સે ૨૪ હજાર ૭૦૦ કરોડમાં ખરીદી લીધું
- આબુ રોડ પર જાહેર કરાયેલ લોકડાઉન કેન્સલ કરાયું
- અમેરિકામાં ૪૮ ટકા ભારત અને ચીનના વિદ્યાર્થીઓ
- ચીનમાં રેસ્ટોરાં તૂટી પડતાં ૨૯ લોકોના મોત નિપજતા ચકચાર મચી
- ભાગેડુ માલ્યાની પુનઃ વિચાર અરજી પર આજે સુપ્રિમ કોર્ટે નિર્ણય સંભળાવશે
- ડીએફસી પ્રોજેક્ટ મુદ્દે રેલમંત્રીનો ૯ રાજ્યોના મુખ્યમંત્રીને પત્ર
- માલગાડીનાં ૫ ડબ્બા પાટા પરથી ઉતર્યા, દિલ્હી-આગ્રા રેલ્વે ટ્રાફિક ખોરવાયો
- નર્મદા ડેમની સપાટી વધતા ૨૩ ગેટ ખોલાયા, એસ.આર.પી.ના ૧૨૦ અને પોલીસના ૨૫ જવાનો તૈનાત
- રાજકોટ કોવિડ હોસ્પિટલમાં ગરમીથી પરેશાન દર્દીએ ફરાર થવાનો કર્યો પ્રયાસ

મધ્યપ્રદેશના હોશંગાબાદમાં ૧૭ ઈંચ વરસાદથી સમગ્ર શહેર ડૂબી ગયું

ભોપાલ, તા. ૩૦

મધ્યપ્રદેશમાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા ભારે વરસાદને કારણે રાજ્યમાં પૂરની સ્થિતિ છે. સૌથી ખરાબ સ્થિતિ હોશંગાબાદમાં છે. આ શહેરામાં છેલ્લા ૩૩ કલાકમાં ૧૭ ઈંચ વરસાદ થયો છે. તવા અને બરગી ડેમમાંથી પાણી છોડવાના પગલે નર્મદાની સપાટી શનિવારે રાતે ૧૦ વાગ્યા સુધીમાં ૯૮૩ ફુટ સુધી પહોંચી ગઈ છે. આ ખતરાના નિશાનથી ૧૯ ફુટ ઉપરનું લેવલ છે. હોશંગાબાદમાં ૨૦થી વધુ વસાહતો ૫ ફુટ પાણીમાં ડૂબી ગઈ છે. આ સિવાય ૫૨ જિલ્લામાં શનિવારે એક સાથે વરસાદ થયો હતો. રાજ્યમાં અત્યાર સુધીમાં એક દિવસનો સામાન્ય વરસાદ ૦.૪૨ ઈંચ થવાથી ૩૯૭ ટકા પાણીની આવક થઈ છે. હવામાન કેન્દ્ર દ્વારા ભોપાલ, ઉજ્જૈન, હોશંગાબાદ, રાયસેન, નરસિંહપુર, સિવની, બાલાઘાટ, દમોહ, સાગર, બુરહાનપુર, ખંડવા, બડવાની, ધાર, ઈન્દોર, રતલામ, દેવાસ, નીમચ અને મંદસૌરમાં ઓરેન્જ અલર્ટ અને સીહોર, વિદિશા, છિંદવાડા, રાજગઢ, શાજાપુર, આગ્રા જિલ્લામાં રેડ એલર્ટ આપવામાં આવી છે. મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે પુર અંગે ચર્ચા કરવા માટે હાઈ લેવલ બેઠક બોલાવી છે.

દરમિયાન, વરસાદી સીઝન અને ઉપરવાસમાં થઈ રહેલા વરસાદને કારણે સરદાર સરોવર ડેમની સપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે. હાલ ડેમની

● અનુસંધાન પાના - ૭ પર

SWARRNIM STARTUP & INNOVATION UNIVERSITY
Gandhinagar, Gujarat
INDIA'S FIRST UNIVERSITY FOR STARTUP
ADMISSIONS OPEN 2020-21
School of Technology
Diploma - Computer | Civil | Electrical | Mechanical | Automobile
B.Tech - Computer Egg. | IT | EC | Mechanical | Electrical | Civil | Automobile
AI | CTIS | MACT | Blockchain
M.Tech - Advance Manufacturing System | AI | Electronics Communication
Power Systems | Environmental Engineering | Cyber Security
PHD
School of Health Science
BAMS | BHMS | BPT | GNM | B.Sc. Nursing
DMLT | Sanitary Inspector
School of Science
B.Sc. - PCM | Biotech | Microbiology | Fire And Safety
M.Sc. - Biotech | Chemistry
Microbiology
Institute of Designs
B.Arch
B.Sc. Fashion & Creative Style
(international Collaboration With Atelier Chardon Savard-Paris)
B.Des/Diploma -
Fashion | Interior
Product Graphic & Animation | UX
M. Plan
School of Business
B.Com | BBA | BCA | M.Com | MBA | Airport Mgmt | Hotel Mgmt.
SWARRNIM EASY FEE
0% Interest Education Loan
Scan to Apply Online
Contact Us
www.swarrnim.edu.in
admission@swarrnim.edu.in
95108 58239
95108 68970
100% Placement in Last 3 Years

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
₹43*/1 L
અમૂલ તાજા
500mL: ₹ 22*, 200mL: ₹ 9*
Amul The Taste of India
*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને હૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ અમદાવાદ અને સૌરાષ્ટ્રઃ 079 - 23969055 / 56 / 57

શ્રદ્ધાંજલી

સ્વ. રમેશચંદ્ર ચંદુલાલ પટેલ (દાદા ભગવાન)
સ્વ. તા. ૨૧-૮-૨૦૨૦
પ્લોટ નં. ૫૭૮/૨, સેક્ટર-૭/બી, ગાંધીનગર

સમય જીંદગીનો ઓછો હશે, એ ક્યા ખબર હતી
વિદાય તમારી અણધારી થશે, એ ક્યા ખબર હતી
સર્વત્ર સુવાશ ફેલાવી સંભારણાં, સૌના દિલમાં રાખી ગયાં
તમારો નિખાલસ ચહેરો સદાય યાદ રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના

ખૂશ્બુ પાન પાર્લર (ઘ-૨વાળા)
નટુભાઈ પી. પટેલ (સે. ૬/એ)
ફકરૂદ્દીન એ. મોનીન (સે. ૨/સી)
નગીનભાઈ જે. કાપડીયા (સે.૭/બી)
શરદભાઈ કે. પટેલ (સે.૩/ન્યુ)
નવીનભાઈ એસ. જયસ્વાલ
મુળજીભાઈ જી. પરમાર (સે-૭/બી)
સંજયભાઈ પટેલ (પટેલ પાર્લર, ઘ-૨)
ઝીણાભાઈ એચ. પટણી (સે. ૭/બી)
રસીકલાલ એ. નાયક (સે. ૭/બી)
ભરતભાઈ એન. વ્યાસ (સે.૭/બી)
કલ્પેશ નવીનકુમાર જયસ્વાલ (સોનુ)
ખૂશ્બુ પાન પાર્લર (સે.૭/બી)